# શારદ

सा विद्या या विमुक्तये

ઑગસ્ટ ૨૦૧૫ – વર્ષ ૩૪, અંક ૧



આવે પેલો બાળરથી...

૯૨મા સ્થાપના દિનની ઉજવણી, શ્રાવણ સુદ સાતમ્




એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન
દ્વારા શ્રી હિતુભાઈ દવેને
આપવામાં આવેલો શિક્ષણજગતનો
લાઇફ-ટાઇમ એચીવમેન્ટ એવોર્ડ (૨૦૦૮)









**ગો-ગ્રીન કાર્યક્રમ :**

**બાળકો વૃક્ષારોપણ કરે અને પર્યાવરણની સમતુલા જાળવવાના પ્રયત્નો કરે તે માટે, ગો-ગ્રીનના કાર્યકર્તા શ્રી ઉત્પલભાઈ અને શ્રીમતી જાનકીબેન [illegible] સહકારથી શાળાના મેદાનમાં ૭૫ વૃક્ષોની વાવણી કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોએ ભારે ઉત્સાહ બતાવ્યો હતો.**

# શારદ

સા વિદ્યા યા વિમુક્તયે

શારદામંદિર, અમદાવાદ

પ્રથમ સત્ર
ઓગસ્ટ ૨૦૧૫
વર્ષ ૩૪, અંક ૧




## શ્રદ્ધાસુમન

શ્રદ્ધાંજલિ, શ્રદ્ધાસુમન, શ્રદ્ધાસ્મરણ -આ બધાય શબ્દોથી પર છે આ શબ્દો : સ્મરણસભર સાથ. કોનો, કોની સાથે અને કેટલો? નિર્વિવાદપણે એમ કહી શકાય કે શારદામંદિર પરિવારને સાંપડેલો શ્રી દિનુભાઈ દવેનો દીર્ઘકાળ પર્યંતનો જ્ઞાનસભર સહવાસ. શું નશ્વર દેહ અગ્નિને સોંપાઈ જાય પછી જીવનનો અંત આવી ગયો એમ કહી શકાય? ના, શ્રી દિનુભાઈ જેવી કર્મઠ વ્યક્તિએ પોતાના વિચારો, કાર્યો, નિરીક્ષણો અનુમાનો અને તારણો થકી આપણી સંસ્થા શારદામંદિરનું જે સર્વાંગી ઘડતર કર્યું છે તે ચિરંજીવ છે. ગઈકાલના, આજના અને આવતીકાલના - સંસ્થાને લગતા નિર્ણયોમાં તેમની સ્પષ્ટ છાપ છે જ અને વરતાશે.

શારદામંદિર પરિવારે શ્રી દિનુભાઈ દવે નામના દેહધારી વ્યક્તિની હસ્તીને ગુમાવી છે તે વિચારમાત્રથી આનુષંગિક વ્યક્તિઓના હૃદયમાં ખાલીપો વરતાય છે પરંતુ તેમના ચીંધેલ માર્ગમાં, કાર્યાલયમાં, કેળવણીમાં, પ્રવાસમાં, સંચાલનમાં અને ઈતર પ્રવૃત્તિઓમાં એમના સાથનાં સંસ્મરણો અંકાયેલા છે. તેથી, તેઓ આપણી સાથે જ છે એવી અનુભૂતિ આપણને એમના જીવન અને સર્જ્ય પ્રવાસમાં ડોકિયું કરવા પ્રેરણા આપે છે.

શ્રી દિનુભાઈ દવેને સૌ શિક્ષક, આચાર્ય, નિયામક, સંચાલક અને ટ્રસ્ટી તરીકે તો ઓળખે જ છે પરંતુ તેમના જીવનની સફર વધુ રોમાંચક ત્યારે નીવડી જ્યારે એમણે એમના વ્યક્તિત્વને બહુકોણીય આયામ આપ્યો. એમનું બાળપણ સૌરાષ્ટ્રના તળના ગામ જાફરાબાદમાં વીત્યું. એમના ઉછેરમાં અંગ્રેજ વિરુદ્ધ ચાલતા આંદોલનોની સ્પષ્ટ છાયા વણાઈ. યુવા વયે મુંબઈ રાજ્યમાં તાજા આઝાદ થયેલા દેશની પ્રગતિના સાક્ષી બની તેમણે દ્રશ્ય શ્રાવ્ય શિક્ષણ અંગે તાલીમ મેળવી. ગણિત, વિજ્ઞાન અને ભાષાનો સુભગ સુમેળ ધરાવતા સાહેબની આંખો હંમેશ ઉત્સુકતાથી અંજાયેલી, ચમકતી રહેતી. નવી શોધો, ટેકનોલોજીની હરણફાળ તેમને કાયમ આકર્ષતી. તેમનામાં પત્રકાર જેવી નિર્ભીકતા અને શોધવૃત્તિ હતી. તટસ્થ આચાર્ય તરીકે શિક્ષકો અને વિદ્યાર્થીઓનું હિત હંમેશ તેમના હૈયે વસતું. વિદ્યાર્થીઓના અને સંસ્થાના વિકાસની આડે કોઈ આપી શકતું નહિ. સ્પષ્ટવક્તા અને કડક શિસ્તના આગ્રહી એવા શ્રી દિનુભાઈએ કોઈ શિષ્યને શારીરિક કે માનસિક ત્રાસ આપતી સજા ફટકાર્યાના દાખલા નથી.

શ્રી ચંદુભાઈ દવે, શ્રી ભોગીભાઈ ઠાકર અને શ્રી સવિતાબહેન ત્રિવેદીએ શારદામંદિરનું બીજારોપણ કર્યું. શ્રી ચંપાબહેન, શ્રી વજુભાઈ દવે અને સાથીઓએ એમાં જલસિંચન કર્યું અને શારદામંદિર શાળા ગુજરાતની નામી સંસ્થા તરીકે નામના પામી. શિક્ષક તરીકે જોડાયેલા શ્રી દિનુભાઈએ એમના જીવનનો મોટો ભાગ આ સંસ્થામાં નોખી ભૂમિકા ભજવતાં પસાર કર્યો. કહો કે શારદામંદિર તેમને માટે એક પવિત્ર થાનક હતું.

એક શિક્ષણવિદ્ અને એક કેળવણીકાર તરીકે શ્રી દિનુભાઈના વિચારો અને પ્રયોગો કાબિલેદાદ હતા. રાજ્યસ્તરે સંચાલકોએ એમના સૂચનો વારંવાર સ્વીકારેલા. અનેક એવોર્ડસ અને માન-અકરામ મેળવી ચૂકેલ સાહેબ બાળગીતોના વિશ્વમાં રમમાણ રહી શકતા, પર્યાવરણની ચિંતા કરી શકતા, રસોઈઘરમાં નિતનવા પ્રયોગો કરતા રહેતા -એ નાની સૂની વાત નથી. એનો અર્થ એમ કે એ શિક્ષક આજીવન વિદ્યાર્થી હતા. કેમેરાના લેન્સમાંથી નિરખી મનગમતા દ્રશ્યોને આત્મસાત કરતા આજીવન પ્રવાસી હતા. એ પ્રવાસીએ પોતાનું અંતિમ સ્ટેશન પસંદ કરી લીધું છે ત્યારે નક્કી, કુદરતે એમને લીલી ઝંડી આપી જ હશે. ઈશ્વર એમના આત્માને ચિરશાંતિ બક્ષે અને આ અઠંગ પ્રવાસીના અંતરતમ આશિષથી શારદામંદિર શાળા ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી પ્રભુને અરજ સાથે સૌને વંદન.

શ્રી દિનુભાઈને પ્રણામ.

*-સુધાબહેન ભટ્ટ*



શ્રી દિનુભાઈ દવે
*(ટ્રસ્ટી-નિયામક, શારદામંદિર)*
દેહવિલય: તા.૧૫-૫-૧૫

### શારદામંદિર પરિવારની શ્રી દિનુભાઈ દવેને શ્રદ્ધાંજલિ

## આ અંકમાં


૧ શ્રદ્ધાંજલિ

૨ પ્રેરણાત્મક

૩ પ્રવૃત્તિઓ

૪ સફળતાની ચાવી

૫ ઈન્ટરવ્યુ: સંવાદ સેતુ

૬ અભિનંદન!

૭ મહામંત્રીની ચૂંટણી

૮ ગૃહજનની નિમણૂંક

૯ ગણિત ગમ્મત

# વાલીઓને...

*–શ્રી દિનુભાઈ દવેનાં વિચારો ('શારદ'ના પૂર્વ અંકોમાંથી અંશતઃ)*



બાળકના વિકાસમાં ઘરનો ફાળોઃ બાળકને કેળવણી માત્ર શાળા આપે, તે ભ્રામક ખ્યાલ કાઢી નાખવા જેવો છે. શાળાનું વાતાવરણ, મિત્રવર્તુળ અને શાળાની પ્રવૃત્તિઓની અસર અવશ્ય ઘેરી અને દીર્ઘકાલીન હોય છે પણ શાળાઓ હાલના તબક્કે મુખ્યત્વે જ્ઞાન આપી શકે છે, કેળવણી નહીં. શાળાઓ પાસે નિશ્ચિત સમયમાં કરવા માટેનો નિશ્ચિત અભ્યાસક્રમ હોય છે. આ જ્ઞાન આપવાની પ્રક્રિયા યાંત્રિક રીતે ચાલતી હોય છે, તેની વાસ્તવિકતા વાલીવર્ગ પર પહોંચી નથી. વાલી પોતે પણ પોતાની યાંત્રિક જીવન વ્યવસ્થામાં વ્યસ્ત હોય છે અને બાળકની કેળવણીનું કાર્ય શાળાઓને સોંપ્યું છે તેમ નિશ્ચિતપણે માને છે. સંયુક્ત કુટુંબોની વ્યવસ્થા ખોરવાતી જાય છે અને બાળકના વિકાસની, તેને કેળવવાની, તેનામાં સુટેવો દઢ થાય, તે જોનાર પરિબળનો શૂન્યાવકાશ સર્જાય છે. આ સમજાવવાની સ્પષ્ટતા ઈલેક્ટ્રોનીક માધ્યમોના જંગલોના સંદર્ભમાં ઝાંખી થઈ ગઈ છે, તેનું દુઃખ છે. (–ડિસેમ્બર ૧૯૯૧)

ગણિત ન ભણનાર દુનિયાના અન્ય ક્ષેત્રોમાં પણ પાછો પડે છે. ભારત આઈ.ટી. ક્ષેત્રે આગળ છે, તેમાં તેના ગણિતના વારસાના પરિબળે ભાગ ભજવ્યો છે, તે નિર્વિવાદ છે. (–જુલાઈ, ૨૦૦૬)

બાળકને સમય આપવો પડશે : બાળકની પ્રવૃત્તિઓમાં, મુંઝવણમાં, તેની સફળતા – નિષ્ફળતામાં તેના માર્ગદર્શક અને મિત્ર બનો. તે તમને નાનામાં નાની મુંઝવણ કહી શકે, તેવો સંબંધ કેળવો. તમે ધારશો તે કરતાં ઘણાં સારા પરિણામની અપેક્ષા રાખતા તમને નિરાશા નહીં મળે, તેવો મને વિશ્વાસ છે. (–ડિસેમ્બર, ૧૯૮૭)

ગુજરાતી સાહિત્ય તરફ બાળકો ખેંચાય તે માટે સાહિત્યના, તેમને રસ પડે તેવા પુસ્તકો વંચાવાની ટેવ પાડવી ખૂબ આવશ્યક છે. આજના સમયની આ માંગ છે અને જો આ બાબતમાં ગફલત રહીશું તો સાહિત્યના રસાસ્વાદ લેવાનું અને જીવનનો આનંદ માણવાનું ટાણું બાળકો માટે ક્યારેય નહીં આવે. બાળકોને નાનપણથી જ વાંચનની ટેવ પડે તે માટેની સુવિધાઓનું આયોજન વાલીએ કરવું જોઈએ અને પોતે પણ વાંચન મેળવીને ચિંતન અને મનન કરવા જોઈએ. (–એપ્રિલ, ૨૦૦૫)

આજે પર્યાવરણની જાગૃતિ ભાવિ પ્રજામાં આવે એ ખૂબ જરૂરી છે. પર્યાવરણનો બગાડ આજે આપણી પૃથ્વીને ભયજનક સપાટીએ લઈ ગયો છે. હવે તે તરફ દુર્લક્ષ રાખવું તે જોખમકારક છે. વૈશ્વિક તાપમાનને કારણે ઋતુઓમાં ફેરફાર થવા લાગ્યા છે તે આપણો અનુભવ છે. આ પરિસ્થિતિ સ્થિરતા અને શાંતિ બંનેને માટે જોખમ છે. ગ્રીનહાઉસ વાયુઓ કાર્બન ડાયોક્સાઈડ, મિથેન, નાઈટ્રસ ઓક્સાઈડ ગરમીને જતી અટકાવે છે. ભાવિ પ્રજામાં આ અંગે જાગૃતિ પેદા થાય તેવા ઉપાયો યોજવા જ જોઈએ અને તે સમજણ તેમને આપવી જરૂરી છે. (–ડિસે., ૨૦૦૦)

બાળકને બને ત્યાં સુધી પોતાની જાતે જ પોતાનું કામ કરવા દો. કામ કરતા કરતા જ તે ઘણું બધું શીખે છે. તેને મદદ કરવા જતા આપણે અનાયાસે તેને પાંગળું કરી દઈએ છીએ. ખૂબ મથામણ કરીને ગણિતનો દાખલો બાળક જ્યારે કરે છે ત્યારે તે સાચું ગણિત કરતો હોય છે. જો તેને મદદ કર્યા જ કરવાની થાય તો તે પાંગળો જ બનતો જશે. શારદામંદિર જે પ્રવાસોનું આયોજન કરે છે, તેમાં બાળકોને પોતાની મુશ્કેલી પાર પાડવાની એક તક આપે છે. જે માણસ પોતાનું કામ જાતે કરી લેતો હોય તે ખરેખર સ્વતંત્ર ગણાય. આ બાબતે ગંભીરતાથી વિચારવું જોઈએ. (–ફેબ્રુઆરી, ૨૦૦૭)

# ભારતીય ચેતના

- ડો.એ.પી.જે. અબ્દુલ કલામ



કલામ કો સલામ

*(ડો.અબ્દુલ કલામ હંમેશા કહેતા હતા કે હું એક શિક્ષક તરીકે ઓળખાવા માગું છું અને મરું ત્યારે લોકો મને શિક્ષક તરીકે ઓળખે, અને એવું જ થયું. તા.૨૭-૭-૧૫ ના રોજ શિલોંગ આઈ.આઈ.એમ.માં ભાષણ આપતી વખતે હાર્ટ એટેક આવ્યો અને ઢળી પડ્યા....)*

**પ્રશ્ન:** અમારી વિનંતી છે કે આપ અમને બધાને કશોક પ્રેરણાત્મક સંદેશો આપો.

**જવાબ:** મારી પાસે આપણા દેશના યુવાનોને આપવાનો સંદેશ છે - બધા જ યુવાનો પાસે અદમ્ય ચેતના હોવી જોઈએ. આ અદમ્ય ચેતનાનાં બે પાસાં છે. એક, તમારા પાસે ધ્યેય હોવું જોઈએ અને પછી તેના માટે સખત કામ કરવાનું છે. બીજું, કામ કરતા હો, ત્યારે તમારે કેટલાક પ્રશ્નોનો જરૂર સામનો કરવો પડશે. આવા સંયોગોમાં, આ પ્રશ્નોને તમારા માલિક બનવા ન દેશો. તેને બદલે તમે જ તેના માલિક બનજો, તેને પરાજિત કરજો અને સફળ થજો. સદનસીબે, આપણા દેશ પાસે યુવાધન બહોળું છે. યુવાનોનાં પ્રજ્ઞ્વલિત મગજો બીજાં કોઈ પણ સંસાધન કરતાં વધારે મહાન સંસાધન છે. જ્યારે આ પ્રજ્ઞ્વલિત મગજો કામ કરે છે, અને અદમ્ય ચેતના સાથે, તો સમૃદ્ધ સુખી અને સલામત ભારત થવાની ખાતરી છે.

**પ્રશ્ન:** હું અગિયાર વર્ષની છું. શું હું રાષ્ટ્રની સમસ્યાઓનો ઉકેલ લાવવામાં ફાળો આપી શકું ?

**જવાબ:** તારું પહેલું કામ તો સરસ રીતે ભણવાનું છે અને અભ્યાસમાં ઉત્તમ બનવાનું છે. જો તારી પાસે વેકેશનમાં સમય હોય, તો તું જેઓ વાંચી-લખી નથી શકતા તેવા બે લોકોને ભણાવી શકે. તું તારા પડોશમાં કે શાળામાં બે વૃક્ષ વાવી શકે અને ઉછેરી શકે. તું પાણી અને ઊર્જાનો બગાડ અટકાવી શકે. આસપાસના પર્યાવરણને સ્વચ્છ અને લીલું રાખવામાં તું તારાં કુટુંબીજનોને મદદ કરી શકે.

**પ્રશ્ન:** હું છઠ્ઠા ધોરણનો વિદ્યાર્થી છું. આપ જ્યારે છઠ્ઠા ધોરણમાં હતા, ત્યારે કેવા હતા ?

**જવાબ:** હું તારી ઉંમરનો હતો, ત્યારે હું સવારે ચાર વાગ્યે ઊઠતો, સ્નાન કરતો અને મારા શિક્ષક શ્રી સ્વામીયાર પાસે ગણિત શીખવા જતો. તેઓ એક વિશિષ્ટ શિક્ષક હતા અને વર્ષ દરમિયાન મફત ટ્યુશન માટે માત્ર પાંચ વિદ્યાર્થીઓ જ સ્વીકારતા. તેમની એક શરત રહેતી કે ટ્યુશનમાં આવનાર વિદ્યાર્થીઓ સ્નાન કર્યા પછી જ આવે. મારી મા મારા પહેલાં ઊઠી, મને જગાડતી, મને નહાવામાં અને ટ્યુશને જવા તૈયાર કરવામાં મદદ કરતી. ટ્યુશન પતાવી હું સવારે પાંચ વાગ્યે પાછો ફરતો. પછી મારા પિતા સાથે હું કુરાને શરીફ શીખવા જતો. ત્યાર બાદ હું ત્રણ કિલોમીટર દૂર આવેલા, રામેશ્વર રોડ રેલવે સ્ટેશને છાપાં લેવા જતો. તે વખતે યુદ્ધનો સમય હોવાથી ધ-મદ્રાસ-ધનુષકોડી-મેલ સ્ટેશને થોભતો નહીં અને ચાલતી ટ્રેને પ્લેટફોર્મ પર છાપાં ફેંકવામાં આવતાં. હું તે છાપાં લઈને રામેશ્વર શહેરમાં વહેંચવા જતો. છાપાં વહેંચ્યા પછી હું આઠ વાગ્યે ઘેર આવતો અને મારી મા મને સાદો નાસ્તો આપતી. શાળા પૂરી થયા પછી હું સવારે જે ગ્રાહકોને છાપાં આપ્યાં હોય, તેમની પાસેથી તેના પૈસા લેવા જતો.

**પ્રશ્ન:** જીવને આપને શું શીખવ્યું છે ?

**જવાબ:** જીવન એક વહેતો પ્રવાહ છે. દરેક દિવસ વિશિષ્ટ હોય છે અને દરેક પ્રવૃત્તિનો પોતાનો એક પડકાર હોય છે. આપણે આપણાં કામને ચાહતાં શીખવું જોઈએ અને તેની દરેક પળ માણવી જોઈએ.

*(- દેશભરની શાળા, કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ડો.એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબને પૂછાયેલા ખૂબ રસપ્રદ પ્રશ્નોનું સંકલન -ભારતીય ચેતના-પુસ્તકમાંથી અંશતઃ)*

## પ્રવૃત્તિઓ

વાલી મીટીંગ

તા.૧૦મી, ૧૧મી અને ૧૨મી જૂનના રોજ, ધો.૭થી ૧૦ના વાલીઓની સાથે, તબક્કાવાર એક મીટીંગ વિમર્શ કરવા માટે યોજવામાં આવી હતી. તેમાં વાલીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને બાળકના અભ્યાસ અંગેની જાગૃતિ સંદર્ભે તેમણે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા અને સેમેસ્ટર પદ્ધતિની ખામીઓ અંગે પણ ચર્ચા કરી હતી. શાળામાં ચલાવવામાં આવતા સરકાર પ્રેરિત અભ્યાસક્રમ અંગે પણ વાલીઓએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા. શાળામાં ભૌતિક સુવિધાઓ જેવી કે ઠંડા પાણી માટે કુલર, સીસીટીવી કેમેરા જેવી સગવડો કરવામાં આવી છે, તે અંગે પણ વાલીઓએ શાળા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. બાળકના અભ્યાસક્રમમાં ઉપયોગી થાય તેવી બહારની પરીક્ષાઓ જેવી કે હિન્દી, ચિત્ર તેમજ સંસ્કૃતની પરીક્ષાઓ શાળામાં લેવાય છે, તે અંગે વાલીઓનું સકારાત્મક વલણ જોવા મળ્યું હતું.

વાલીઓનો પ્રતિભાવ હતો કે ઘણા લાંબા સમય બાદ અમને બાળકના અભ્યાસ અંગે માર્ગદર્શન તેમજ ખુલ્લી ચર્ચા માટે શાળામાં બોલાવવામાં આવ્યા, તે ખૂબ આનંદની વાત છે.

– વિજયભાઈ રાવલ




સીસીટીવી કેમેરા દ્વારા સુરક્ષા



ઠંડા પાણી માટે કુલર

અહેવાલ : શારદામંદિર અને માતૃભાષા અભિયાન




શારદામંદિર પરિવારે હંમેશાં શિક્ષણ ઉપરાંત ઈતરપ્રવૃત્તિઓમાં ખૂબ રસ લીધો છે. સદ્‌ગત શ્રી દિનુભાઈએ માતૃભાષા અભિયાનને ટેકો આપી વિવિધ પ્રવૃત્તિઓ માટે શાળા પરિસરનો ઉપયોગ કરવા દેવાની નીતિ અપનાવી હતી. એ વિચાર અંતર્ગત ડિસેમ્બર ૨૦૧૪ અને જાન્યુઆરી તથા ફેબ્રુઆરી ૨૦૧૫ દરમ્યાન શાળાના દરેક વિભાગમાં ભાષાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

માધ્યમિક વિભાગમાં વકતૃત્વ સ્પર્ધા તેમજ લેખન સ્પર્ધા યોજવામાં આવી જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. શ્રી વિજયભાઈની આગેવાનીમાં શિક્ષકમિત્રોએ ખૂબ સહકાર આપ્યો. પ્રાથમિક વિભાગમાં વકતૃત્વ સ્પર્ધા અને લેખન સ્પર્ધામાં શિક્ષકો સાથે શ્રી મીતાબહેન શાહનો અપ્રતિમ સહકાર સાંપડ્યો. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ પોતે વાંચેલ ગુજરાતી સાહિત્યને ખૂબ સુંદર રીતે કથનમાં રજૂ કર્યું. એમને પ્રોત્સાહન આપ્યું. શ્રી સ્મૃતિબહેન પંચાલ અને શિક્ષકમિત્રોએ, માતૃભાષા અભિયાનના કાર્યવાહક શ્રી સુધાબેન ભટ્ટે ઉપરોક્ત પ્રવૃત્તિઓને સુપેરે પાર પાડી.

# પ્રવૃત્તિઓ





તા.૨૧-૭-૧૫, બાલમંદિરમાં વૃક્ષારોપણ:
આ કાર્યક્રમ બાળકોને વૃક્ષો અંગેની સમજ આપી, વૃક્ષોની વાવણી કેવી રીતે કરવી, તેની તાલીમરૂપે યોજવામાં આવે છે.



તા.૩૧-૭-૧૫, શિશુમંદિર ગુરુપૂર્ણિમા કાર્યક્રમ



- તા. ૮-૭-૧૫: વર્ષાના વધામણાં (ગીતો); સંસ્કૃત શ્લોકપઠન (બાલસભામાં); અંગ્રેજી નાટક (મેથી પકોડા) રજૂ કરવામાં આવ્યા.
- તા. ૧૦-૭-૧૫: શ્રીમદ્ ભગવદ્ ગીતા, અધ્યાય ૧૫મો -પુરુષોત્તમ યોગ-માંથી સંસ્કૃત શ્લોકોનું પઠન (ધોરણ ૩ થી ૮) કરવામાં આવ્યું.
- તા. ૩૧-૭-૧૫: ગુરુપૂર્ણિમા -ગુરુ અને શિષ્ય વચ્ચેના સંબંધને વાચા આપતો કાર્યક્રમ પ્રાર્થનામંદિરમાં ઉજવાયો. ગુરુપૂજનના કાર્યક્રમમાં એકલવ્ય, કૃષ્ણ-અર્જુન, સાંદિપની ઋષિના આશ્રમમાં કૃષ્ણ-સુદામા, પક્ષીની આંખ વીંધવી, આરૂણિ, લિંકન વગેરે વિષયો પરના પ્રસંગો ભજવાયા. ધો. ૭-બના વિદ્યાર્થીઓએ સંસ્કૃત નાટક 'ગુરુભક્ત ઉપમન્યુ' રજૂ કર્યું.
- તા. ૧-૮-૧૫: ગૌરીવ્રત નિમિત્તે શાળામાં મહેંદી સ્પર્ધા યોજવામાં આવી, જેના પરિણામો છે:

  પ્રથમ: ચૌહાણ ખુશી પ્રિતેશભાઈ (ધો.૮-અ)

  દ્વિતીય: શેલાર આસ્થા યોગેશભાઈ (ધો.૬-અ), ત્રિવેદી દિશા હેતલભાઈ (ધો.૮-અ)

  તૃતીય: પટેલ પ્રિયાંશી રમેશભાઈ (ધો.૮-અ)

# પ્રવૃત્તિઓ



તા.૧-૮-૧૫:
પ્રાથમિક વિભાગની બહેનોએ
મહેંદી સ્પર્ધામાં ભાગ લઈ અનેરો ઉત્સાહ
બતાવ્યો હતો.



તા. ૨૭-૭-૧૫: મહેંદી હરિફાઈમાં ૧૬ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો.





મહેંદી સ્પર્ધાના પરિણામો:
પ્રથમ - શાહ પ્રિયાંશી; ધો.૧૦-બ (ગીતગોવિંદ)
દ્વિતીય - ૧) શાહ દેવર્ષિ; ધો.૯-બ (પદ્મપુકુર)
૨) સોની હેલી; ધો.૧૦-અ (પદ્મપુકુર)
૩) અંચલા ઈશિતા; ધો.૧૧-બ (ગીતગોવિંદ)
તૃતીય - ૧) ખંધાર મનાલી ધો.૧૧-અ (પદ્મપુકુર)
૨) દેસાઈ પ્રિયંકા ધો.૧૧-બ (ચંદ્રમૌલિ)
૩) શુક્લ ચિરાગી ધો.૯-બ (ગીતગોવિંદ)



તા.૨૩-૭-૧૫, શિશુમંદિર - માઈન્ડ પાવર કાર્યક્રમ
શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ સપન શાહે -માઈન્ડ પાવર- યાદશક્તિ વિશેનો કાર્યક્રમ વિદ્યાર્થીઓને આપ્યો હતો. અને પોતાનો હેતુ કેવી રીતે સિદ્ધ કરવો તેમજ સમય અને કામનું આયોજન કરવાની પદ્ધતિ શીખવી હતી.



તા.૨૧-૬-૧૫: યોગ કાર્યક્રમ:
શાળામાંથી ૨૫૦ બાળકોએ NCC તેમજ GMDC ગ્રાઉન્ડ પર યોગ કાર્યક્રમમાં ભાગ લીધો.



તા.૨૫-૭-૧૫, નિબંધ સ્પર્ધા:
અખિલ હિંદ મહિલા પરિષદના ગુજરાતી વિષય માટે નિબંધ સ્પર્ધા શિશુમંદિરમાં બપોરે ત્રણ વાગે યોજાઈ.

# Activities







## Guru Purnima Mahotsav

On 31st July, Friday, (*Ashadhi Poonam*), the students of Modern School celebrated Gurupurnima. The programme started with recital of a Gurumantra, as a tribute to our beloved and most revered, late Dr. A.P.J. Abdul Kalam. The play 'Master and the disciple' was performed by the students of high school. It was about relationship between Ramkrishna Paramahans and Swami Vivekananda.

Short speeches about Gurupurnima were delivered by the high school students. Sanskrit shlokas along with their English translation were chanted by high school students. The poem 'Guru' written in Hindi, by Devarsh Thakkar of Std.8, was recited by himself. For awareness about the environment, a play called 'Playful JoJo' was performed by the primary school students. It was a new experiment in storytelling. The students who played were attired in proper costumes. The play was amusing and educative and was enjoyed by all.

An inspiring Hindi song – *Ashayein* (from the movie "Iqbal") was performed with live orchestra. The Keyboard and rhythm were played by Dhruv Navlakha and Hitarth Maharaja.

## Mind-Power

On 23rd July, a seminar on 'Goal setting' and empower the minds of students, was organised. The master trainer Sapan Shah is our school's past student. He used high quality audio-visual presentation. He covered the topics like Time Management, How to achieve Goal, How to raise memory power, Concentration, etc.

# Activities

## International Yoga Day

Yoga is a system of exercises practiced to promote control of body and mind. To enhance the awareness for Yoga in people all over the world, our Prime Minister Shri Narendra Modi declared 21st June as International Yoga Day. On that day, all over India, people celebrated by performing yoga. In Ahmedabad, at GMDC ground, about 70,000 people along with our Chief Minister Smt. Anandiben Patel, performed Yoga. 250 students from our school participated in the programme. The transportation facility was provided by government. The members of 'Art of Living' gave practice sessions of "how to perform yoga asanas" to our students for 15 days prior to the programme.

## Go Green

Global warming and imbalance of environment is a major problem faced worldwide. Trees help in overall reduction of temperature. They also produce oxygen and absorb carbon dioxide which helps in cleaning the atmosphere. Students do learn this in the textbooks, but on 24th June, they learned a practical lession by actually planting the trees in our school premises. Under the supervision of Shri Zalak Patel and Janakiben Udayan Shah of Go-Green club, students planted 70 to 80 trees with great enthusiasm. The club provided plants, manure, spade, and tools. Our students are nurturing the plants daily, by watering and taking good care of them.

*- Reports compiled by: Smrutiben Panchal*

# Students' Corner

## Welcome to Std. 10 !

*-Aesha Dalal (Std.11, Sci.)*



Good morning friends! Welcome to Std. 10, which is the base year for 11th and 12th. You already know that it is very necessary to understand all the concepts to get good marks in board's examinations.

First and the most important point for this is the time management. More efficiently you will manage your time, lesser the stress will be on you.

More importance should be given to your textbooks. Every subject should be revised properly, at least twice. Don't ignore any subject even if it seems easy.

Quite often, the maths paper is twisted. For that you should properly study your textbook 4 to 5 times and then only, you should try out some CBSC or other reference books as a development of mind, to quickly understand and solve the sums in the exam.

Don't forget the previous chapters when you reach at the last one. Above all these, don't miss your games, sports, TV, movies, sleep and your laughter. Take care not to waste your time.

Wish you all the very best!

*(An inspirational talk given to fellow students, by Aesha Dalal, who has achieved 86% and her percentile is 99.06.)*

कविता



*-Devarsh Solanki (Std. 8 E)*

## गुरु

गुरु नहीं तो कुछ नहीं
गुरु से मिले किरन नई।

गुरु हमें देते है ज्ञान
गुरु तो है ज्ञान की खान।

जीवन में जब डूबे हमारी नैया,
गुरु बन जाए हमारे खेवैया

जग सारा होवे बेरी हमारे
गुरु ज्ञान हो साथ हमारे।

धन-दोलत का कोई मोह नहीं
गुरु का संसार में कोई मोल नहीं।

बिना गुरु के ज्ञान नहीं
बिना ज्ञान के हम नहीं।
जहाँ गुरु की पूजा होती
मानव बन जाए सच्चा मोती।

कड़ी धूप से तुम जब तपो
गुरु मंत्र की माला जपो।

तब ही दुनिया होती है शुरू
जब संसार में होते हैं गुरु।

जब होते है गुरु के पॉव में
हम होते है सच्ची छाँव में।

चलो करें हम गुरु की पूजा
उनके जैसा नहीं कोई दूजा।

# પ્રવૃત્તિઓ



તા.૨૪-૬-૧૫: ગો-ગ્રીન કાર્યક્રમ:

બાળકો વૃક્ષારોપણ કરે અને પર્યાવરણની સમતુલા જાળવવી જરૂરી છે, તેવા ખ્યાલો કેળવે તે માટે, ગો-ગ્રીનના કાર્યકર્તા શ્રી ઝલકભાઈ સાથે, શ્રીમતી જાનકીબહેન ઉદયનભાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યું. તેમના સહકારથી શાળાના મેદાનમાં ૭૫ વૃક્ષોની વાવણી કરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોએ ભારે ઉત્સાહ બતાવ્યો હતો. પર્યાવરણના જતન માટે વૃક્ષારોપણ દરેકની જવાબદારી હોવી જોઇએ અને વૃક્ષનો છોડ રોપ્યા પછી આપણી જવાબદારી પૂરી થઇ હોવાનું માની લેવાની જરૂર નથી. ખરેખર તો વૃક્ષારોપણ બાદ છોડના ઉછેર માટે તેની યોગ્ય માવજત જરૂરી છે તેવો ભાવ બાળકોમાં આવે, તો જ વૃક્ષારોપણનો હેતુ સાર્થક થશે. તે હેતુથી દરેક બાળકને દરેકે દરેક છોડને પાણી પીવડાવવાની તથા તેના ઉછેરનું ધ્યાન રાખવાની જવાબદારી સોંપવામાં આવી હતી અને સૌ બાળકોએ તે હોંશે હોંશે નિભાવી હતી.



કવીઝ કોમ્પીટીશન:

તા.૨૬-૭-૧૫: સી.એન.શાળામાં યોજાયેલી 'ભારત કો જાનો' વિષયક લેખિત કવીઝ કોમ્પીટીશનમાં આપણી શાળાના ૭૮ બાળકોએ પરીક્ષા આપી.



વક્તૃત્વ સ્પર્ધા:

તા.૨૨-૭-૧૫ના રોજ ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની જયંતી નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં શહેરની ૨૫ શાળાઓએ ભાગ લીધો હતો.



રાષ્ટ્રીય સમૂહગાન:

તા.૯-૮-૧૫ના રોજ ભારત વિકાસ પરિષદ આયોજિત રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં શાળાની પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગની બહેનોએ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ટ્રોફી મેળવી હતી.

# પ્રવૃત્તિઓ











તા.૨૩-૭-૧૫ઃ સ્માર્ટ સ્ટુડન્ટ કાર્યક્રમ; શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી સપન શાહ દ્વારા સંચાલિત

# સફળતાની ચાવી (વિદ્યાર્થીમિત્રોનાં સ્વાનુભવો)

*(શાળામાં ભણી ગયેલા, ધોરણ-૧૨ માં સફળતા મેળવનારા વિદ્યાર્થીઓને તેમની સફળતા વિશે પૂછવામાં આવ્યું, કે જેથી તે બધાંને પ્રેરણારૂપ બની રહે. તેમના પ્રતિભાવ... )*



## વિચારપૂર્વક ટાઈમ-ટેબલ ગોઠવો

*- ધ્રુવા ચિરાગભાઈ શાહ;*

*ધો.૧૨ કોમર્સમાં ૯૩.૬% મેળવ્યા.*

મારી શાળાના આચાર્ય શ્રી વિજયભાઈનો મારા પર ફોન આવ્યો અને તેમણે મને મારી સફળતા વિશે લખવા કહ્યું અને મેં તે સહર્ષ વધાવી લીધું! ધોરણ-૧૨ એટલે બોર્ડ અને આ શબ્દ સાંભળતા જ આપણી ઊંઘ ઉડી જાય! પરંતુ જો આપણે દરેક વિષયનું વિચારપૂર્વક ટાઈમ-ટેબલ ગોઠવીએ, તો આ ધોરણ-૧૨ આપણને એકદમ સરળ લાગશે. મારી ધોરણ-૧૧ની વાર્ષિક પરીક્ષા પૂર્ણ થઈ, એના બીજા દિવસથી જ મેં ધોરણ-૧૨નો અભ્યાસક્રમ ચાલુ કરી દીધો હતો અને નવેમ્બર મહિનાના અંત સુધીમાં મેં મારો ધોરણ-૧૨નો સંપૂર્ણ અભ્યાસ પૂરો કરી દીધો હતો. રોજના આઠ કલાકનો અભ્યાસ અને સાથે દરેક વિષયની લેખનની પ્રેક્ટિસ પણ ખરી. આ રીતે રોજના સતત અભ્યાસ અને લેખનથી મારા ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષામાં ૭૫૦માંથી ૭૦૨ માર્કસ (૯૩.૬%) આવ્યા.

આ માર્કસ આવવા પાછળ મારા સ્કૂલના શિક્ષકોએ મને ઘણું માર્ગદર્શન પૂરું પાડ્યું, એ માટે એમનો આભાર હું ક્યારેય નહિ ભૂલી શકું. પણ આ બધાની વચ્ચે એક વાત હું તમને અવશ્ય કહીશ કે મારી શાળાના આચાર્યશ્રી વિજયભાઈએ અમને દરેક વિષયના પાંચ પેપર લખાવ્યા. આ પેપર લખવાથી મારી લખવાની સ્પીડ ખૂબ વધી ગઈ અને મારા આત્મવિશ્વાસમાં ખૂબ વધારો થયો.

જ્યારે હું બોર્ડની પરીક્ષા આપવા ગઈ, ત્યારે મારામાં જે આત્મવિશ્વાસ હતો, તે મારી શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોને જ આભારી છે.



## સખત મહેનત - નો શોર્ટકટ્સ

*- રીચા ભટ્ટ;*

*ધો.૧૨ સાયન્સમાં ૯૩% મેળવ્યા.*

મેં ધોરણ-૧૨(સાયન્સ)માં ૯૩% મેળવ્યા છે અને ધોરણ-૧૦માં મારા ૯૫% માર્કસ આવ્યા હતા. મારું રોજનું વાંચન ૮ થી ૧૦ કલાકનું હતું. રોજેરોજનું ટાઈમ-મેનેજમેન્ટ અને ક્વોલિટી વર્ક મને ખૂબ કામ લાગ્યું. કોઈ પણ વિદ્યાર્થીને રેન્કર બનવું હોય, તો તેના દિમાગમાં ચોક્કસ ગોલ રાખી, તે સખત મહેનત કરે, તો ધારી સફળતા મેળવી શકે છે. સફળતાનો કોઈ શોર્ટકટ નથી, તે મેં ત્રણ વર્ષની મહેનત દરમ્યાન જોયું. તમે શું વાંચો છો, કેટલો સમય વાંચો છો, તેની જગ્યાએ કેવી રીતે વાંચો છો, તમને કેટલું યાદ રહે છે, તે અગત્યનું છે. વાંચતી વખતે હું અલગ નોટ્સ બનાવતી હતી, મને અઘરા લાગતા મુદ્દા હું અલગ નોટમાં લખતી. તેથી પરીક્ષાના આગલા દિવસે તેના ઉપર હું વધારે ભાર આપતી.

હાલ હું એન.એચ.એલ. મેડિકલ કોલેજ (વી.એસ. હોસ્પીટલ) માં પ્રથમ એમબીબીએસ.માં અભ્યાસ કરું છું. મારી સફળતા પાછળનો શ્રેય હું મારી સ્કૂલ શારદામંદિરને આપું છું. મારી સ્કૂલના શિક્ષકોએ મારી પાછળ ખૂબ મહેનત કરી છે. રોજે રોજ સ્કૂલમાં જે કોઈ અભ્યાસક્રમ ચાલતો હતો, તેનું હું રિવીઝન કરતી હતી.

હું ડોક્ટર બનીને મારું સ્વપ્ન પૂરું કરવા માગું છું, અને તેમાં મારી સ્કૂલનો ફાળો બહુ મોટો છે. હું ડોક્ટર બનીશ, પણ મારી શારદામંદિર સ્કૂલની હું આજીવન ઋણી રહીશ.

*તમારી સફળતા માટે ઘણા બધા જવાબદાર હશે પણ નિષ્ફળતા માટે તો માત્ર તમે જ જવાબદાર છો.*
*- સ્વામી વિવેકાનંદ*



## મહત્ત્વના મુદ્દાઓ નોંધો

*-આત્મીન શાહ*

*ધો.૧૨ સાયન્સમાં ૯૯.૯૩% મેળવ્યા.*

મિત્રો, મારા પરિણામ માટે હું શાળાનો આભારી છું. પ્રિન્સીપાલશ્રી અને શિક્ષકગણના સહયોગ વગર મહેનત કરવી ખરેખર અઘરી છે. શરૂઆતથી જ હું ટાઈમ-ટેબલ બનાવીને તેને અનુસરતો હતો. ગુજરાત બોર્ડની પરીક્ષા માટે પાઠ્યપુસ્તકને અનુસરવું બહુ જરૂરી છે, તેવું મને લાગે છે. પરીક્ષાના આગલા દિવસમાં બધો જ અભ્યાસક્રમ વાંચવો અશક્ય છે, માટે હું મહત્ત્વના મુદ્દાઓની નોટ બનાવી, તે જ વાંચતો હતો.

આ ઉપરાંત હું દરેક વિષયના પેપર લખતો, જેથી હું મારી પેપર લખવાની ઝડપ જાળવી શક્યો અને છેલ્લા સમયમાં સ્વસ્થતાથી પેપર પૂરું કરી શક્યો. અને હા, આ બધા સાથે હું મારી મનગમતી પ્રવૃત્તિ માટે પણ થોડો સમય કાઢી લેતો!

# સંવાદ સેતુ – ઈન્ટરવ્યુ: શ્રી ત્રિવેદી સાહેબ (આચાર્ય, શેઠ સી.એન.હાઈસ્કૂલ)

*–અમન શાહ, યશ શાહ*
*(ધો.૧૦ અ)*

પ્રશ્ન: સંવાદસેતુનો હેતુ શું છે?
શ્રી ત્રિવેદી: અમદાવાદની જુદી જુદી શાળાના આચાર્યો કે જેમને શિક્ષણ પ્રત્યે કંઈક કરવાની હોંશ છે, તેમને એકત્રિત કરી તેમની વચ્ચે સેતુ પૂરો પાડવો. જેથી શિક્ષણ વિશેની ખોટી માન્યતા દૂર કરી શકાય, વિદ્યાર્થીઓને શાળામાં આવવાની રુચિ વધારી શકાય, વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરી શકાય. પુસ્તકિયું જ્ઞાન દૂર કરી શકાય. શાળાઓ એકબીજાની વિશિષ્ટ પ્રવૃત્તિઓનો અમલ પોતાની શાળામાં કરે. વિદ્યાર્થીઓને ઈતર પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન મળે.

પ્રશ્ન: અત્યાર સુધી કેટલી બેઠકો યોજાઈ?
શ્રી ત્રિવેદી: ૬ –૮ મહિના પહેલા જ શરૂ થયેલ આ કાર્યક્રમની ૪ બેઠકો યોજાઈ છે જેમાંથી ૩ મહત્ત્વની બેઠકો યોજાઈ છે. આ કાર્યક્રમમાં કોઈ નેતા કે તંત્રી નથી. સૌ પોતપોતાને સ્વયંસેવક માની સંગઠિત રહી કાર્ય કરે છે.

પ્રશ્ન: સંવાદસેતુ નામ જ શા માટે પસંદ કર્યું?
શ્રી ત્રિવેદી: આ કાર્યક્રમમાં બધી શાળાઓનાં આચાર્યો સંગઠિત થઈ એકબીજાનાં સારાં ગુણો વિશે ચર્ચા કરી, તેમને ગ્રહણ કરી, પોતાની શાળામાં અમલ કરે છે. આમ, તેમની વચ્ચે એક સેતુ પૂરો પાડી શકાતો હોવાથી 'સંવાદ સેતુ' નામ પસંદ કરવામાં આવ્યું.

પ્રશ્ન: તા.૧૩-૭-૧૫ના રોજ શારદામંદિરમાં યોજાયેલી ચિંતન બેઠકમાં મુખ્ય કયા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી?
શ્રી ત્રિવેદી: નીચેના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી:
૧) એનજીઓ જેવી સંસ્થાઓ ગરીબ વિદ્યાર્થીઓને ભણાવવાની વિવિધ સગવડો પૂરી પાડે છે, તે અનુસાર કામગીરી કરવી.
૨) વર્ગખંડમાં સામાન્ય પ્રશ્નોનો ઉકેલ લાવવો.
૩) શાળાનું વાતાવરણ તંદુરસ્ત બનાવવું.
૪) શિક્ષકોને બદલાયેલી શિક્ષણ પદ્ધતિથી જાગૃત કરવા, 'શિક્ષક સજ્જતા' કાર્યક્રમો યોજવા.

પ્રશ્ન: 'સંવાદ સેતુ'નો ફાયદો શું છે?
શ્રી ત્રિવેદી: સંવાદ સેતુના ઘણા ફાયદા છે:
૧) કોમ્પીટીશન વધી શકે.
૨) શિક્ષણની ગુણવત્તા વધશે.
૩) બાળકોના મૂલ્યો અને કૌશલ્યોનો વિકાસ થઈ શકશે.

પ્રશ્ન: આમાં કેટલી શાળાઓ સક્રિય રીતે ભાગ લઈ રહી છે?
શ્રી ત્રિવેદી: હાલ ૧૭ શાળાઓ સક્રિય રીતે ભાગ લઈ રહી છે.

ઈન્ટરવ્યુ લેનાર વિદ્યાર્થીઓ


અમન


યશ

*તે દિવસે શાળા છૂટ્યા બાદ અમે લગભગ એક વાગે શેઠ સી.એન. વિદ્યાલયના પ્રિન્સીપાલ ત્રિવેદી સાહેબનો ઈન્ટરવ્યુ લેવા માટે પહોંચ્યા હતા. અમે જ્યારે ત્યાં પહોંચ્યા, ત્યારે અમારા મનમાં થોડો ડર હતો. ડર એટલા માટે હતો કે કોઈ પ્રિન્સીપાલ સાહેબ સાથે ઈન્ટરવ્યુ લેવાનો આ અમારો પહેલો અનુભવ હતો. પરંતુ એ ડર ક્યારે ગાયબ થઈ ગયો અને અમે તેમની જોડે કોઈ ડર વિના વાતો કરવા લાગ્યા. તેમણે પણ અમને એક મિત્ર હોય, તેવી જ રીતે સુંદર જવાબો આપ્યા. ત્યારબાદ અમે હવે કોઈ પણ ડર વિના ઈન્ટરવ્યુ લઈ શકીએ તેમ છીએ. પ્રિન્સીપાલ ત્રિવેદી સાહેબે પણ અમને ખૂબ જ સહકાર આપ્યો હતો.*

# અભિનંદન !

## શાળાના પરિણામો - માર્ચ ૨૦૧૫

શારદામંદિર વિનયમંદિર

| ગુજરાતી માધ્યમ | બેઠા | પાસ થયા | ટકા |
|---|---|---|---|
| ધો.૧૦ (એસ.એસ.સી.) | ૧૧૮ | ૧૧૬ | ૯૮.૩૦% |
| ધો.૧૨ (વિ.પ્ર.) | ૫૩ | ૫૩ | ૧૦૦% |
| ધો.૧૨ (સા.પ્ર.) | ૬૧ | ૫૮ | ૯૫.૦૮% |

Modern Highschool

| English medium | Gave exam | Passed | Percentage |
|---|---|---|---|
| Std.10 (SSC.) | 30 | 29 | 96.66% |
| Std.12 (Sci.) | 25 | 23 | 92% |
| Std.12 (Com.) | 14 | 13 | 92.85% |



આપણી શાળાની કાવ્યા જનાર્દન દવેએ (ધો.૬-ઈ) તા.૧૦-૭-૨૦૧૫ના રોજ, અતિથિવિશેષ શ્રી મીનાક્ષીબહેન પટેલ (મેયર) તથા ડો.પ્રીતિ મહેતા (કલાગુરુ)ની હાજરીમાં અતિપ્રાચીન નૃત્ય ભારતનાટ્યમ નૃત્યકલાને સાધના સ્વરૂપે આરંગેત્રમ થકી અર્પણ કર્યું. બહેન કાવ્યાને અભિનંદન.



અમદાવાદ શહેર, જિલ્લા અને ગાંધીનગરમાંથી અવોર્ડ માટે શિક્ષક પસંદ કરવાની એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશનની જ્યુરીમાં સભ્ય તરીકે વરણી થઈ છે, તે આચાર્યશ્રી વિજયભાઈને અભિનંદન!

ગાંધીનિર્વાણદિન નિમિત્તે ચિત્રસ્પર્ધા માટે સરકારશ્રી તરફથી શાળાને ચેક રૂ.૫૦૦૦/- નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

જૂન ૨૦૧૫ થી ૩૦ જુલાઈ સુધીમાં ૨૫ કેડેટ્સ, એન.સી.સી. પરેડ ગ્રાઉન્ડ પર એન.સી.સી.ના સી.એ.ટી.સી. કેમ્પમાં હાજર રહ્યા. તેમને ખૂબ ખૂબ અભિનંદન!

# અભિનંદન !

મહામંત્રી | ઉપમંત્રી

શિશુમંદિર



દોશી મનવી
(ધો.૮ અ)



વોરા કથન
(ધો.૮ બ)



પટેલ ધ્યાની
(ધો.૮ અ)



શાહ સપન
(ધો.૮ અ)

Modern School



Shah Krishi
(Std.9)



Kataria Meet
(Std.9)



Vadecha
Yashvi (Std.9)



Shah Virag
(Std.9)

વિનયમંદિર



સોઢા ધ્રુવી
(ધો.૧૧અ)



શાહ જૈનમ
(ધો.૧૧ સા.પ્ર.)



શાહ ત્રિશા
(ધો. ૯ અ)



પરમાર મિતેશ
(ધો.૯ બ)

ચૂંટણીપર્વ:
બાળકોમાં નેતૃત્વશક્તિનો વિકાસ થાય, સંઘભાવનાનો વિકાસ થાય, તથા તેઓ ટીમવર્ક સાથે હકારાત્મક શાળાકીય અભિગમ કેળવતા થાય, તે માટે ચૂંટણીપર્વ દ્વારા, શાળા એક માધ્યમ પૂરું પાડે છે.

# અભિનંદન !


ગૃહજન નીમાયા

| શિશુમંદિર | ગૃહ | ગુરુજન | ગૃહનેતા (બહેનો) | ગૃહનેતા (ભાઈઓ) |
|---|---|---|---|---|
| | રત્નદીપ | હેતલબહેન શાહ | વોરા પ્રાંજલ (ધો.૮ બ) | શાહ જૈનમ (ધો. ૮ અ) |
| | | | પટેલ પ્રિયાંશી (ધો.૮ અ) | શાહ તનુજ (ધો.૮ બ) |
| | ધવલગિરિ | ગીતાબહેન મહેતા | ચુડાસમા દ્વિજા (ધો.૮ બ) | ભટ્ટ કર્મ (ધો.૮ બ) |
| | | | સોની દેવાંશી (ધો.૮ બ) | શાહ વ્રજ (ધો.૮ બ) |
| | મેઘનાદ | રાજુબહેન રાવલ | દેસાઈ દેવાંશી (ધો.૮ બ) | સોલંકી હર્ષિલ (ધો.૮ અ) |
| | | | રસાણિયા ઈશા (ધો.૮ બ) | રામાણી અભિષેક (ધો.૮ અ) |
| | ગંગોત્રી | અભિજ્ઞાબહેન દેસાઈ | જોશી દેવાંશી (ધો.૮ બ) | શાહ કેવીન (ધો.૮ બ) |
| | | | પટેલ આયુષી (ધો.૮ અ) | રાજદેવ ભવ્ય (ધો.૮ બ) |
| મોડર્ન સ્કૂલ | | | | |
| | અમલતાસ Amaltas | Aartiben Shah | Shah Krishi (Std. 9)<br>Thakore Shaivee (Std.9) | Patel Aman (Std. 9)<br>Rami Zubin (Std. 9) |
| | કદમ્બ Kadamb | Rinkuben Jani | Jadeja Karnavi (Std. 9)<br>Kadia Rajvi (Std. 8) | Sanghvi Het (Std. 9)<br>Bhatt Purnendu (Std.9) |
| | પારિજાત Parijat | Harendrabhai Soni | Gohel Drashti (Std.9)<br>Acharya Jalashree (Std. 8) | Shah Pratik (Std. 9)<br>Shah Nisarg (Std. 9) |
| | પલાશ Palash | Aashishbhai Dalal | Vadecha Yashvi (Std.9)<br>Kharate Shruti (Std. 8) | Doshi Manush (Std. 9)<br>Khamar Sujal (Std. 9) |
| વિનયમંદિર | | | | |
| | પદ્મપુકુર | કરણભાઈ પંડ્યા, | મહેતા નુપૂર (ધો. ૧૧ અ) | શાહ વીર (ધો. ૧૧ અ) |
| | | જયેશભાઈ ઠક્કર | ગદાણી ખુશી (ધો. ૯ બ) | જેઠવા કુશલ (ધો. ૯ બ) |
| | ચંદ્રમૌલિ | નવનીતભાઈ ખખ્ખર, | વ્યાસ કેલી (ધો. ૧૧ અ) | મહેતા જલજ (ધો. ૧૧અ) |
| | | દક્ષાબહેન પટેલ | વણજારા ધાપુ (ધો. ૯ બ) | વખારીયા મૃણાલ (ધો.૯બ) |
| | ગીતગોવિંદ | સુનીતાબહેન પટેલ, | શાહ ધ્વનિ (ધો. ૧૧ બ) | શાહ વ્રજ (ધો. ૧૧ અ) |
| | | સઈજીભાઈ રબારી | ચૌહાણ હિતાર્થી (ધો.૯અ) | શાહ ઉદિત (ધો. ૯ અ) |
| | મેઘદૂત | વનીતાબહેન પટેલ, | શાહ શૈલી (ધો. ૧૧ અ) | શાહ માનવ (ધો. ૯ અ) |
| | | હર્ષદભાઈ પટેલ | શાહ ધ્વનિ (ધો. ૧૧ અ) | સોની આયુષ (ધો. ૯ બ) |


# ગણિત ગમ્મત

સંકલનઃ *વિજયભાઈ રાવલ*

1. If a mirror is placed on the line MN, then which of the answer figures is the right image of the given figure?
Question figure:
MN





Answer figures:



(A) (B) (C) (D)

2. Solve It:




(A) 12 (B) 9 (C) 7 (D) -12

3. In question number 1 to 3 a series is given with one/two terms missing, choose the correct alternative from the given ones that will complete the series.

(1) FAK, IEM, LIO, ................
(A) OPQ (B) OMG (C) NOP (D) MNO

(2) 36, 34, 30, 28, 24, ...............
(A) 20 (B) 22 (C) 23 (D) 26

(3) 3, 5, 35, 10, 12, 35, ............, ................. .
(A) 22, 35 (B) 19, 35 (C) 17, 19 (D) 19, 24

**આભારઃ**
'શારદ'ને પ્રોત્સાહિત કરવાના હેતુથી વાલી અને શુભેચ્છક શ્રી કાનાજી ઠાકોર તરફથી રૂ.૨૦,૦૦૦/-નું દાન મળેલું છે, તે બદલ સંસ્થા તેઓશ્રીનો આભાર વ્યક્ત કરે છે.

*'શારદ'ના આ અંકમાં સહયોગ આપવા બદલ સૌનો આભાર.*

*પ્રકાશકઃ શારદામંદિર ટ્રસ્ટ, નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭.*
*ફોનઃ +91-79-26600242 ; ઈમેલઃ shardamandir1924@gmail.com*
*વેબસાઈટઃ www.sharadamandir.com*
*'શારદ'નો આ (રંગીન) અંક શાળાની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.*









ગુરુ અને શિષ્ય વચ્ચેના સંબંધને વાચા આપતો ગુરુપૂર્ણિમા કાર્યક્રમ શાળાના વિવિધ વિભાગોમાં ઉજવાયો.



ભૂતપૂર્વ વિદ્યાર્થી ઝલક શાહે
માર્કેટ પ્લેસ - પાઠયાજિત વિષેનો કાર્યક્રમ વિદ્યાર્થીઓને આપ્યો હતો.



ભારત વિકાસ પરિષદ આયોજિત
રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં પ્રથમ સ્થાન

ભારત વિકાસ પરિષદ, પાલડી શાખા - અમદાવાદ
રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા વર્ષ ૨૦૧૫
પ્રથમ સ્થાન, શારદામંદિર વિનય મંદિર




પ્રકાશક

**શારદામંદિર**

નવા શારદામંદિર રોડ

અમદાવાદ-૩૮૦૦૦૭

ફોન :+91-79-26600242

shardamandir1924@gmail.com

www.sharadamandir.com